NAVSARI AGRICULTURAL UNIVERSITY

**સંશોધન નિયામકશ્રીની કચેરી**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**એરૂ ચાર રસ્તા, નવસારી- ૩૯૬ ૪૫૦**

Azadi Ka Amrit Mahotsav

**ડો. ટી.આર.અહલાવત**
**ઇ./ચા.સંશોધન નિયામક**

**વંચાણે લીધા :** ૧) અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક : નકૃયુ/સંનિ/વિકાસ ખર્ચ/નોન.રીક./૮૫ લાખ/૨૫૭૧-૭૩/૨૦૨૪ તા. ૦૮/૦૪/૨૦૨૪

૨) અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક : નકૃયુ/સંનિ/૯૦૦૪-૯૦૨૯/૨૦૨૧ તા.૩૦/૧૦/૨૦૨૧

૩) ઉદ્યોગ કમિશનર અને મધ્યસ્થ સરંજામ ખરીદ અધિકારી ના પત્રક્રમાંક નં. ઉક/સખ/NOC/ટ્રા.નં ૪૭ તા.: ૦૭/૦૩/૨૦૨૨

૪) અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક : નકૃયુ/સંનિ/GeM-NOC/૨૧૦૮-૦૯/૨૦૨૨ તા.૧૦/૦૩/૨૦૨૨

**GeM બહાર ખરીદી કરવા NOC માટેની માહિતી મોકલી આપવા બાબત....**

# -:: પરિપત્ર ::-

આથી નવસારી કૃષિ યુનિવર્સીટીના તમામ યુનિટ/સબયુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, આપશ્રીના યુનિટ/સબયુનિટ હસ્તકની વિવિધ વિકાસ ખર્ચ (પ્લાન) યોજનાઓમાં ઉપરોક્ત વંચાણે લીધેલ પરિપત્ર ક્રમાંક ૧ અનુસાર નોન રીકરીંગ સદરે સરકારશ્રીમાંથી સાધનો મંજુર કરવામાં આવેલ છે. આ ઉપરાંત પ્લાન સદરે નવી યોજનાઓ તેમજ આપના હસ્તકની નોન-પ્લાન/આઇસીએઆર/અધર એજન્સી/રીવોલ્વીંગ ફંડ વગેરે યોજનાઓમાં ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન વિવિધ નોન રીકરીંગ તેમજ રીકરીંગ સદરે જે ખરીદીઓ કરવાની થાય છે, તે સરકારશ્રીના તેમજ અત્રેની કચેરીના વખતો વખતના પરિપત્રો અનુસાર GeM દ્વારા જ કરવાની થાય છે. જે સાધનો/ચીજ વસ્તુઓની ખરીદી GeM પર શકય ન હોઇ માત્ર તેવા સાધનો/ચીજ વસ્તુઓની GeM બહારથી નિતિ-નિયમો અનુસાર ખરીદી માટે NOC મેળવી શકાય તે હેતુથી નીચે દર્શાવ્યા મુજબની વિગતોએ તાત્કાલિક કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે. જેથી યુનિવર્સીટીની ખરીદીઓ સમયાનુસાર પૂર્ણ થઇ શકે.

- ➢ મંજુર થયેલ સાધનોની ખરીદી GeM પરથી ડાયરેક પરચેઝ / L1 પરચેઝ (સરખામણી કરીને) અથવા બીડ વગેરે દ્વારા કરવા માટે કાર્યવાહી કરવી.
- ➢ જો ૫ લાખથી ઉપરની ખરીદી હોઇ અને બીડ દ્વારા ખરીદી કરવી શક્ય ન બને તો સક્ષમ કક્ષાએથી મંજુરી મેળવી કસ્ટમ બીડ કરીને ખરીદીની પ્રકિયા થઇ શકશે કે કેમ તે તપાસી જોવું.
- ➢ ઉપરોક્ત કાર્યવાહી કર્યા બાદ પણ GeM પરથી ખરીદી થઇ શકે તેમ ન હોઇ તો જ અત્રેની કચેરીને NOC માટે દરખાસ્ત કરવાની રહેશે. વધુમાં કોઇ પણ કચેરીએ NOC માટે ગાંધીનગર ખાતે સીધી દરખાસ્ત કરવી નહી.
- ➢ ઉપરોક્ત વંચાણે લીધેલ પત્ર - ૩ અને ૪ મુજબ "Civil Works ની કામગીરી GeM ના કાર્યક્ષેત્રમાં આવતી નથી" તેવો સ્પષ્ટ ઉલ્લેખ જોવા મળે છે આથી Civil Works ની કામગીરી યુનીવર્સીટી ના પ્રવર્તમાન નિતિનિયમોનુસાર કરવા આથી જણાવવામાં આવે છે. તેથી Civil Works ની કામગીરી માટેની NOC ની માહિતી સામેલ પત્રકમાં ભરવી નહી.
- ➢ ૧ કરોડથી વધારે કિંમતના સાધનો માટે NOC ની દરખાસ્ત અલગથી કરવાની રહેશે.
- ➢ **અત્રેની કચેરીને દરખાસ્ત કરતી વખતે GeM પરથી ખરીદી માટે કરેલ કાર્યવાહીના તમામ આધાર-પુરાવાઓ, GeM Availability Report, વંચાણે લીધેલ પરિપત્ર - ૨ મુજબની સમિતીની GeM બહાર ખરીદી કરવા અંગેની સ્પષ્ટ ભલામણ વગેરે ફરજીયાત પણે સામેલ કરવાનું રહેશે. અન્યથા દરખાસ્ત ધ્યાને લેવામાં આવશે નહી.**

➢ ઉપરોક્ત તમામ કામગીરી તા. ૧૦/૦૫/૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ **NOC** માટેની વિગતો સામેલ પત્રક-૧ માં ભરી સહી સિક્કા સાથે અત્રેની કચેરીને હાર્ડ કોપીમાં તથા ગુજરાતી શ્રુતિ ફોન્ટમાં સોફ્ટ કોપીમાં ઈમેઈલ દ્વારા **માત્ર gem@nau.in પર જ તા. ૧૦/૦૫/૨૦૨૪ સુધીમાં** અચૂક મોકલી આપવાની રહેશે. **ત્યારબાદ મોકલેલ માહિતી તેમજ જે તે સાધન સામગ્રી GeM પર ઉપલબ્ધ ન હોવા અંગેની રજુઆતોને ધ્યાને લેવામાં આવશે નહિ. વધુમાં NOC બાબતે ઉદ્યોગ કમિશનર અને મધ્યસ્થ સરંજામ ખરીદ અધિકારીની કચેરી ખાતે ઓછામાં ઓછો પત્ર વ્યવહાર કરવો પડે તેમજ GeM પર ઉપલબ્ધ ન હોય તેવી ચીજવસ્તુઓની એકી સાથે NOC મેળવી શકાય તે હેતુથી આપના વિભાગ કચેરી ખાતે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન ઉભી થનાર વિવધ સાધન-સામગ્રીની જરૂરિયાતોનુ યોગ્ય આયોજન કરી ને જ સદર માહિતી મોકલવા આથી જણાવવામાં આવે છે.**

➢ વધુમાં જે તે વિભાગ દ્વારા માહિતી અત્રે સીધી ન મોકલતા જે તે કચેરીના ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીની **કક્ષાએથી ભેગી કરીને જ અત્રે સંકલીત માહિતી મોકલવી.**

**સંશોધન નિયામક અને**
**અનુસ્નાતક વિધાશાખાધ્યક્ષ**

**જા.નં.નકૃયુ/સંનિ/આયોજન/GeM/૨૬૧૨-૧૩/૨૦૨૪**
**તા.૦૯.૦૪.૨૦૨૪**
**સામેલ**: પત્રક-૧

**નકલ રવાના:**

૧. માન. કુલપતિશ્રીના રહસ્યસચિવશ્રી તરફ જાણ સારૂ

૨. નવસારી કૃષિ યુનિવર્સીટીના તમામ યુનિટ/સબયુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ ઘટતું થવા સારૂ.

# પત્રક-૧

| ક્રમ નં. | સાધન/ચીજ વસ્તુઓનું નામ | મુખ્ય સ્પેશીફીકેશન | GeM પરથી ખરીદી કરવા માટે કરવામાં આવેલ કામગીરીની વિગત (ટુકમાં) | નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં થનાર અંદાજીત ખર્ચ (રૂ. લાખમાં) | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | | | | | |
| ૨ | | | | | |
| ૩ | | | | | |

## GeM NOC મેળવવા માટે વંચાણે લીધેલ પરિપત્ર ૨ મુજબની સમિતીની ભલામણ

ઉપરોક્ત પત્રકમાં કોલમ નંબર ૨ માં દર્શાવેલ સાધન/ચીજ વસ્તુઓની GeM પરથી ખરીદી કરવા માટે GeM સમિતી દ્વારા પત્રકમાં દર્શાવેલ કોલમ નંબર ૪ પ્રમાણેના પ્રયત્નો હાથ ધરેલ હતા તેમ છતા સાધન/ચીજ વસ્તુઓ GeM પર ઉપલબ્ધ ન થતા સદર ખરીદી યુનિવર્સીટીના નીતિનિયમો અનુસાર GeM બહાર કરવા સરકારશ્રીમાંથી NOC મેળવવા માટે સમિતી ભલામણ કરે છે.

| ક્રમ | નામ | હોદો | સહી |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | યુનિટ/સબ યુનિટ વડા | અધ્યક્ષ | |
| ૨ | ખરીદી સાથે સંકળાયેલ અધિકારી/ કર્મચારી (વધુમાં વધુ બે) | સભ્ય | |
| ૩ | એકાઉન્ટ સાથે સંકળાયેલ અધિકારી/ કર્મચારી | સભ્ય | |
| ૪ | વર્ગ-૨થી ઉતરતી કક્ષાના ન હોય તેવા અધિકારી | સભ્ય સચિવ | |
| ૫ | જરૂર હોય તો તકનીકી નિષ્ણાત | આમંત્રિત | |